


# આહ્વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH

50 ANNIVERSARY



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647



વર્ષ - ૫૧ | જૂન - ૨૦૨૩ | પત્ર - ૧૧૮


## ફાધર્સ ડે

કુટુંબમાં પિતાનું સ્થાન આગવું અને અનોખું છે. બાળકો માટે પિતાની મહેનત, પ્રેમ અને સંઘર્ષને ધ્યાનમાં લઈ પિતાને પણ ખાસ માન-સન્માન મળવા જોઈએ. આ માટે ખાસ ફાધર્સ ડે ની પણ ઉજવણી કરવામાં આવે છે. કુટુંબમાં પિતા બાળકો માટે એક વડલાની છાયા સમાન છે. ગમે તેવા વાતાવરણમાં વડલાની છાયા એ રક્ષણાત્મક હોય છે. બાળકોની ગમે તેવી પરિસ્થિતિમાં પિતા હૂંફ, ઉત્તેજન અને હિંમત આપનાર હોય છે. બાળકો માટે મહેનત, ચિંતા કરનાર હોય છે. બાળકોના ભવિષ્ય માટે હંમેશાં ચિંતાતુર હોય છે. અનહદ પ્રેમ કરનાર તથા જરૂરના સમયે શિક્ષા પણ કરે છે. બાળકોની પ્રગતિમાં હર્ષ અને ગર્વની લાગણી અનુભવે છે.

પિતા બાળકોના જીવનના દરેક સમયમાં શિક્ષણ, સમજ અને દોરવણી પૂરી પાડે છે.

નીતિ ૪:૩,૪માં સુલેમાન જણાવે છે કે હું મારા બાપનો માનીતો દીકરો હતો અને તે મને શિક્ષણ આપતા હતા. બાળકો પિતાને માનીતા હોય છે. બાળકોને પ્રેમ કરતા હોય છે. આ સાથે જે તે સમયે શિક્ષણ પણ આપે છે. ધાર્મિક, આત્મિક, વ્યવહારુ અને સામાજીક વિગેરે શિક્ષણ આપે છે. બાળકો સાથે નમ્રતાથી ઠરેલ રીતે અને ખૂબજ સમજપૂર્વક વાતચીત, વ્યવહાર કરે છે તથા શિક્ષણ અને સલાહ-સૂચન આપે છે.

પવિત્રશાસ્ત્ર બાઈબલમાં ૧ લો તિમોથી ૧:૧માં પાઉલ અને તિમોથી વચ્ચે આત્મિક પિતા અને પુત્રનો સંબંધ જોવા મળે છે. જેમાં પાઉલ તિમોથીને વહાલા દીકરા તરીકે સંબોધન કરે છે.

૧ તિમોથી ૧:૩માં પાઉલ તિમોથી માટે રાત-દહાડો પ્રાર્થના કરે છે તેમ જણાવે છે. પિતા બાળકો માટે આવી રીતે સતત પ્રાર્થના કરતા રહે છે. આ સાથે પાઉલ તિમોથી માટે આભારસ્તુતિ કરે છે. પિતા બાળકો માટે હંમેશા પ્રભુનો આભાર માને છે અને પ્રાર્થના કરે છે.

૧ તિમોથી ૧:૪માં પાઉલ તિમોથીને જોવા ખૂબ જ ઉત્સુક છે અને તેને જોઈને આનંદથી ભરપૂર થવાની આશા રાખે છે. હા વ્હાલાઓ પિતા હંમેશા પ્રભુમાં જીવન જીવતા બાળકોને જોઈ આનંદ અનુભવે છે.

આમ ઘણી બાબતો પિતાની બાળકો માટેના પ્રેમ સંબંધી જોઈ શકીએ છીએ. આ સર્વ યાદ કરી બાળકોએ પિતા માટે પ્રભુનો આભાર માની તેમને માન-સન્માન આપી તેમના શિક્ષણ પ્રત્યે ધ્યાન આપી તેનું પાલન કરવું જોઈએ.

વ્હાલાઓ આપણ સર્વના પિતા એ આકાશમાંના આપણા બાપ જેમણે આપણને ઉત્પન્ન કર્યા છે. ૧ યોહાન ૩:૧ પ્રમાણે આપણા પિતા દેવે આપણી ઉપર પુષ્કળ પ્રેમ કર્યો છે અને હંમેશા પ્રેમ કરે છે અને પિતા તરીકે તેઓ આપણી સર્વની સર્વ રીતે સંભાળ લે છે. આપણા પિતા, આપણા દેવને પણ આપણે હંમેશા માન-સન્માન આપીએ અને તેમના શિક્ષણ અને આજ્ઞાઓને આધીન રહીએ.

### BIRTHDATE IN MAY

| | |
|---|---|
| ૧/૬ | હેમલત્તાબહેન એસ. વાઘેલા |
| ૨/૬ | શ્રેયા પી. અમીન |
| ૩/૬ | સ્મિતાબહેન જે. ક્રિશ્ચિયન |
| ૩/૬ | ભારતી એ. ક્રિશ્ચિયન |
| ૫/૬ | ખ્રિસ્તી મેરેલીન ઈમાનુએલ |
| ૬/૬ | બ્રાયન ડી. મેકવાન (યુ.એસ.એ.) |
| ૧૧/૬ | સુજન એન. ક્રિશ્ચિયન |
| ૧૫/૬ | રેવ. અરવિંદ આર. ખ્રિસ્તી |
| ૧૬/૬ | સિલીયાબહેન એસ. મેકવાન |
| ૧૬/૬ | તનય એસ. વાઘેલા |
| ૧૭/૬ | ખ્રિસ્તી મોનીકા ઈમાનુએલ |
| ૨૦/૬ | ચિરાગભાઈ જી. વરસડા |
| ૨૦/૬ | ઈન્દુબહેન કે. વિશ્રામ |
| ૨૦/૬ | લિન્યસભાઈ એસ. પેલમોર |
| ૨૧/૬ | જોસફભાઈ એ. ક્રિશ્ચિયન |
| ૨૧/૬ | વેનિસા વી. રાઠોડ |
| ૨૨/૬ | સારાહબહેન એફ. ટેલર |
| ૨૨/૬ | યશ એસ. ક્રિશ્ચિયન |
| ૨૨/૬ | જોની ડી. ચૌહાણ |
| ૨૪/૬ | પ્રતિક્ષા એન. પરીખ |
| ૨૭/૬ | ઓનિલ એ..પેટ્રિક |
| ૨૯/૬ | ડીક્સન એ. હેરી |
| ૩૦/૬ | સુનંદાબહેન વી. મેકવાન |

### નાણાંકીય અહેવાલ એપ્રિલ-૨૦૨૩

| | | |
|---|---|---|
| તા. ૦૧-૦૪-૨૩ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૧૦,૫૪૧.૮૮ |
| | બેંકમાં | ૬,૬૯,૦૧૯.૫૯ |
| એપ્રિલ-૨૩માં થયેલ | આવક | ૧,૯૧,૭૭૦.૦૦ |
| | કુલ | ૮,૭૧,૩૩૧.૪૭ |
| તા. ૩૦-૦૪-૨૩ની બંધ સિલક | રોકડ | ૧,૨૧,૫૭૩.૮૮ |
| | બેંક | ૨,૨૬,૨૫૫.૫૯ |
| એપ્રિલ-૨૩માં થયેલ | જાવક | ૫,૨૩,૫૦૨.૦૦ |
| | કુલ | ૮,૭૧,૩૩૧.૪૭ |

શ્રી શરદભાઈ જે. માસ્ટર, ટ્રેઝરર

## ગત માસના કાર્ય તરફ દષ્ટિપાત

- તા. ૪-૫-૨૩ ગુરુવારના દિવસે સાંજે ૮-૦૦ વાગે મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરની પાસ્ટરેટ કોન્ફરન્સ ચર્ચમાં મળી.
- તા. ૭-૫-૨૩ રવિવારની ભજનસેવા ચલાવી અને પ્રભુભોજન પળાવ્યું.
- તા. ૧૪-૫-૨૩ રવિવારની ભજનસેવામાં માતૃદિનની ઉજવણી કરવામાં આવી. શ્રીમતી મંદાકીનીબેન એલ. પેલમોરે સંચાલન કર્યું અને શ્રીમતી મેરેલીન એન. ચૌહાણે વચનની સેવા આપી. ૬૫ વર્ષની ઉપરના માતૃઓને ગુલાબની કલગી આપી ચર્ચ તરફથી સન્માન કરવામાં આવ્યું. સર્વ બાળકોએ ગુલાબના ફુલ દ્વારા માતૃઓને સન્માનિત કર્યા. ભજનસેવા બાદ શૉન આર. ક્રિશ્ચિયનનો જન્મદિવસ હોવાથી તેઓ તરફથી સર્વને આઈસ્ક્રીમ આપવામાં આવી તથા શ્રીમતી અરૂણાબેન એસ. ગામડિયાનો પણ જન્મદિવસ હોવાથી સર્વને નાસ્તો આપવામાં આવ્યો. ખૂબ આભાર. બપોરે ૧૨-૦૦ કલાકે આગાપે મેથોડિસ્ટ ચર્ચ, મારિયા પાર્કમાં અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટની ડિસ્ટ્રીક્ટ કોન્ફરન્સમાં હાજરી આપી.
- તા. ૧૬-૫-૨૩ સાંજે ૬-૦૦ કલાકે સાણંદમાં શ્રીમતી અરૂણાબેન એસ. ગામડિયાનો જન્મદિવસ હોવાથી કૌટુંબિક પ્રાર્થના સંગતમાં હાજરી આપી. પ્રાર્થના સંગતમાં ટૂંકું મનન કરાવ્યું. શુભેચ્છા પાઠવી.
- તા. ૨૧-૫-૨૩ રવિવારની ભજનસેવા ચલાવી. આ ભજનસેવામાં શ્રીમતી નિલેશ્વરીબેન એન. ક્રિશ્ચિયન, ઓસ્ટ્રેલિયા જવાના હોવાથી ચર્ચ તરફથી બુકે આપી શુભેચ્છા પાઠવવામાં આવી. તેઓ તરફથી સર્વને આઈસ્ક્રીમ આપવામાં આવી. આભાર.
- તા. ૨૬ થી ૨૮ મે ૨૦૨૩ દરમિયાન ફેનિક્સ રીસોર્ટ રાજકોટમાં ગુજરાત રીજીનલ કોન્ફરન્સના ૩૬મા અધિવેશનમાં હાજરી આપી. ડેલિગેટ શ્રી સુનિલભાઈ મેકવાને પણ હાજરી આપી. બિશપ એન. એલ. કરકરે સાહેબ અને મેડમ કમલ કરકરેની આગેવાનીમાં અધિવેશન પૂર્ણ થયું હતું.
- તા. ૨૮-૫-૨૩ સ્થાનિક ચર્ચની ભજનસેવાનું સંચાલન શ્રી નિલય એમ. ચૌહાણે કર્યું હતું અને શ્રી જસ્ટીન કાઈટ સાહેબે વચનની સેવા આપી હતી.

### ગુજરાત રીજીનલ કોન્ફરન્સ સમાચાર

તા. ૨૬ થી ૨૮ મે ૨૦૨૩ દરમિયાન ફેનિક્સ રિસોર્ટ રાજકોટમાં બિશપ એન. એલ. કરકરેસાહેબ અને મેડમ કમલ કરકરેની આગેવાનીમાં ગુજરાત રીજીનલ કોન્ફરન્સનું ૩૬મું અધિવેશન મળ્યું હતું. જેમાં શરૂઆતમાં ભજનસેવાથી શરૂઆત કરવામાં આવી હતી. જેમાં યર્મિયાનો વિલાપ ૫:૨૧ વચન અને મુદ્રાલેખ પ્રમાણે બિશપ સાહેબે ખૂબ જ પડકારદાયક સંદેશો આપ્યો હતો. પ્રભુભોજનનો પવિત્ર સંસ્કાર પળાવ્યો હતો. બિશપ સાહેબે ત્રિએક ઈશ્વર નામમાં કોન્ફરન્સને પ્રાર્થના સહ ખુલ્લી મુકી હતી.

બિશપ સાહેબ દ્વારા કોન્ફરન્સમાં ખૂબ જ અસરકારક અને ઉત્તેજનદાયક સંબોધન કરવામાં આવ્યું હતું જેને આભાર સાથે સ્વીકારમાં આવ્યું.

એક્ઝિક્યુટીવ સેક્રેટરી રેવ. ડૉ. ઈમાનુએલ એસ. કાન્ત સાહેબે પોતાના કાર્યનો અહેવાલ અને ટ્રેઝરર રેવ. ડૉ. યાકુબ એલ. મેકવાનસાહેબે નાણાંકીય અહેવાલ આપ્યા હતા. જનરલ કોન્ફરન્સ માટે ૧૬ પાળક અને ૧૬ લેમેન પ્રતિનિધિઓની ચૂંટણી કરવામાં આવી હતી. બે અવેજી પ્રતિનિધિ ચૂંટાયા હતા.

● કુલ ૧૫ નવી પાસ્ટોરેટ કોન્ફરન્સ અને ૧ પ્રિચીંગ સેન્ટરને માન્યતા આપવામાં આવી હતી. ● કુલ ૧૬ પાળકોને ડિકન અને ૧૭ પાળકોને એલ્ડરની દિક્ષા આપવામાં આવી હતી. ● એક મિશનરીને તેમના વિસ્તારમાં બાપ્તિસ્મા આપવા માટે લાઈસન્સ એક વર્ષ માટે આપવામાં આવ્યું હતું. ● કુલ છ પાળકો વય મર્યાદાના કારણે નિવૃત્ત થયા હતા. નિવૃત્ત દરેક પાળકોને કોન્ફરન્સ તરફથી ટ્રેઝરર રેવ. ડૉ. યાકુબ મેકવાનસાહેબ દ્વારા રૂ. ૫૦ હજારના ચેક આપવામાં આવ્યા હતા. ● કુલ ૭ પાળકો પ્રભુના સદાના વિસામામાં પ્રવેશ પામેલ તેઓના માટે ખાસ પ્રભુનો આભાર માનતાં તેઓના પરિવાર માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

છેલ્લે આભાર માનતાં બિશપ સાહેબ દ્વારા નિમણૂંકોનું વાંચન કરી કોન્ફરન્સ પૂર્ણ થયેલ.

### અભિનંદન

કોન્ફરન્સમાં લે-પ્રતિનિધિની ચૂંટણીમાં સ્થાનિક ચર્ચના સભ્ય અને કોન્ફરન્સ લે-લીડર શ્રી આલાપભાઈ જે. માસ્ટર પ્રથમ બેલેટમાં ચૂંટાઈ આવ્યા હતા. તેઓને ખાસ અભિનંદન અને શુભેચ્છા આપવામાં આવે છે.

આ સાથે સ્થાનિક મેથોડિસ્ટ ચર્ચ, શાહપુર તરફથી દર વર્ષે નાણાંકીય વર્ષની શરૂઆતમાં ૧લી એપ્રિલે હોમમિશન કોન્ફરન્સમાં જમા કરાવવામાં આવે છે. જેની નોંધ બિશપ સાહેબ તથા આગેવાનો દ્વારા લેતાં કોન્ફરન્સમાં મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરના આગેવાનોને આમંત્રણ આપી ઉભા કરી અભિનંદન આપ્યા હતા. સર્વને અભિનંદન.

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી આશિષભાઈ આર. પરમાર | લ.દિ. | ૩૦૦ |
| ૨. | શ્રીમતી વેલેન્ટીનાબેન એફ. ગોહેલ | બર્થડે | ૨૫૦ |
| ૩. | શ્રી નોએલ એસ. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૨૦૦ |
| ૪. | શ્રીમતી સુશીલાબેન એસ. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૧૦૦ |
| ૫. | શ્રી સુલેમાનભાઈ એસ. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૨૦૦ |
| ૬. | શ્રી શરદભાઈ બી. વાઘેલા | લ.દિ. | ૨૦૦ |
| ૭. | શ્રી તનય એસ. વાઘેલા | લ.દિ. | ૨૦૦ |
| ૮. | શ્રી શરદભાઈ એસ. વાઘેલા | આ.સ્તુ. | ૨૦૦ |
| ૯. | શ્રી રોહિતભાઈ ફ્રાન્સિસ | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૦. | શ્રીમતી રીનલ સ્વપ્નીલ ગાંધી | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૧. | શ્રીમતી ઉર્મિલાબેન આર. સોલંકી | બર્થડે | ૫૦૦ |
| ૧૨. | શ્રી વિક્ટરભાઈ વી. મેકવાન | લ.દિ. | ૫૦૦ |
| ૧૩. | જેસન જે. ડેવિડ | બર્થડે | ૫૦૦ |
| ૧૪. | શૉન એસ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૧૫. | શ્રીમતી અરૂણાબેન એસ. ગામડિયા | બર્થડે | ૫૦૦ |
| ૧૬. | શ્રી શામીભાઈ એ. ગામડિયા સાણંદ નવા મકાનમાં એક વર્ષ પૂર્ણ થવા બદલ | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૭. | શ્રી મનોજભાઈ સી. ચૌહાણ | બર્થડે | ૫૦૦ |
| ૧૮. | શ્રી સુલેમાનભાઈ એસ. ક્રિશ્ચિયન | બર્થડે | ૨૦૦ |
| ૧૯. | શ્રી શરદભાઈ જે. માસ્ટર | બર્થડે | ૫૦૦ |
| ૨૦. | શ્રીમતી આગ્નેશબેન જે. મેકવાન | બર્થડે | ૫૦૦ |
| ૨૧. | શ્રીમતી નિલેશ્વરીબેન એન. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૫૦૦ |
| ૨૨. | આન્યા ઓ. પેટ્રીક | બર્થડે | ૨૦૦ |
| ૨૩. | શ્રી રમેશભાઈ એમ. પરમાર | આ.સ્તુ. | ૨૦૦ |
| ૨૪. | શ્રીમતી એની એ. રાઠોડ | બર્થડે | ૨૦૦ |
| ૨૫. | શ્રીમતી શર્મિલાબેન એસ. અર્લિક | આ.સ્તુ. | ૨૫૦ |
| ૨૬. | કુ. શ્રેયાંસી એસ. અર્લિક | આ.સ્તુ. | ૨૫૦ |
| ૨૭. | શ્રી શેલ્ડન વી. ક્રિસ્ટી | એ.ફંડ | ૧૦૦૦૦ |
| ૨૮. | જોય એ. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૨૦૦ |
| ૨૯. | શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટી | બર્થડે | ૧૦૦૦ |
| ૩૦. | શ્રી ઈયાન એ. મહિડા | બર્થડે | ૫૦૦ |
| ૩૧. | શ્રી અતુલભાઈ પી. મહિડા | આ.સ્તુ. | ૫૦૦ |
| ૩૨. | શ્રી નલિનભાઈ આર. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |

### જાહેરાતો

- જૂન માસમાં એજ્યુકેશન ફંડ અર્થે ખાસ દાન આપશો.
- ચર્ચ સુવર્ણ મહોત્સવની ઉજવણી માટે પ્રાર્થના કરશો અને સોવેનિયર અર્થે આપની જાહેરાત-શુભેચ્છા આપશો.
- ચર્ચની સેવાઓ અને કુટુંબો માટે પ્રાર્થના કરશો.
- દર રવિવારની ભજનસેવામાં અને દર શુક્રવારે સાંજે ૮-૦૦ વાગે ચર્ચમાં પ્રાર્થના સંગતમાં હાજરી આપશો.
- ૧૮-૬-૨૩ રવિવારની ભજનસેવામાં ફાધર્સ ડેની ઉજવણી કરવામાં આવશે.